॥ ॐ શ્રી સાઈરામ ॥

## ॥ ॐ શ્રી સાઈ આપદબાન્ધવાય નમ: ॥ (૬૩)

## આપત્તિકાળમાં બંધુ સમ સહાય કરવાવાળા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સંકટ સમયે નજીકના સગાંવહાલાં કરતાં પણ વધારે કાળજી લેવાવાળા ભગવાન બાબા, એ બધા ભક્તો માટે આપદ બાંધવ છે.

જે ભકતોની પરમેશ્વર પર પૂર્ણ શ્રદ્ધા હોય છે, જે પરમેશ્વરને સંપૂર્ણ શરણાગત થયેલા હોય છે, તેમને પ્રારબ્ધાનુસાર જે રાંકટો ભોગવવા પડે છે તે વખતે પરમેશ્વર તેમની સહાયાર્થે દોડે છે અને તેમને તે સંકટમાંથી મુક્ત કરે છે.

ઉપરના વિધાનને સત્ય સાબિત કરતી આ એક કથા. જુલાઈ ૧૯૬૪ માં બેંગલોરમાં રહેતા સ્વામી ભકત શ્રી. કુલકર્ણી, ભગવાનની પૂજા કરતી વખતે ચક્કર આવીને નીચે પડયા. તે વખતે ઘરમાં સૌ. કુલકર્ણી અને તેમનો નોકર હતા. તેમના નોકરે તરત જ પડોશમાં રહેતા શ્રી.રિસબૂડના ઘરે જઈને તેમને બધી હકીકત કહી. શ્રી. રિસબૂડ અને બીજા એક પડોશી તરત જ શ્રી. કુલકર્ણીના ઘરે ગયા. તેમણે જોયું કે, કુલકર્ણી આડા પડ્યા હતા. તેથી તેમણે બન્નેએ તેમને ઊંચકીને પલંગ પર મૂક્યા. આમ કરતી વખતે તેમના ધ્યાનમાં આવ્યું કે, કુલકર્ણીના શરીરની ડાબી બાજુ લકવો મારી ગયો હતો. એટલે શ્રી. રિસબૂડ ડૉકટરને લાવવા માટે ગયા.

જ્યારે રિસબૂડ ડૉક્ટરને લઈને આવ્યા, ત્યારે તેમણે જોયું કે સૌ. કુલકર્ણી પૂજાની રૂમમાં સ્વામીના ફોટાની સામે શાંતિથી બેસીને પોથી વાંચતા હતા. એટલામાં બધાના ધ્યાનમાં આવ્યું કે સ્વામીનો ફોટો ઝાંખો થયો હતો. અને તેમાંથી વિભૂતિ કરવા લાગી હતી.ડૉ. શ્રી કુલકર્ણીને લખો થયો હોવાનું નિદાન કરીને ઉપચાર શરૂ કર્યો. સતત ચાર દિવસ સુધી આ વિભૂતિ આવતી હતી. ચાર દિવસ પછી શ્રી. કુલકર્ણીના જીવનું જોખમ ઓછું થયું હતુ. ત્યાર પછી બે મહિનામાં તેઓ પૂર્ણ પણે સાજા થયા.

આ ઘટનામાંથી એક વાત ધ્યાનમાં આવે છે કે, સૌ. કુલકર્ણીની સ્વામી પરની પૂર્ણ શ્રદ્ધા. આ શ્રદ્ધાને લીધે જ શરણાગત થયેલા સૌ. કુલકર્ણીની મદદ કરવા માટે સ્વામી દોડી આવ્યા અને શ્રી.

કુલકર્ણી પૂરી રીતે સાજા થયા. ચાર દિવસ સુધી ઝરનારી વિભૂતિ દ્વારા સ્વામીએ પોતાનું અસ્તિત્વ સિદ્ધ કર્યું.

ઉપર ઉલ્લેખ કરેલા શ્રી. રિસબૂડનો પુત્ર મુંબઈમાં એક કંપનીમાં ટ્રેનિંગ માટે ગયો હતો. બેંગલોર પોતાના ઘરે જવા માટે તેણે થોડા દિવસની રજા લીધી હતી. ઘરે જતા પહેલાં તે ધર્માવરમ ઊતરીને પુટ્ટપર્તિ ગયો. સ્વામીના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરીને તે પાછો ધર્માવરમ જવા માટે નીકળ્યો. સ્ટેશન પર પહોંચતા જ પોલીસે તેને થોભાવીને અનેક પ્રકારના પ્રશ્ન પૂછવાની શરૂઆત કરી. તેનું કારણ એવું હતું કે, તે વખતે ભારત-ચીન યુદ્ધ શરૂ થયું હતું. અચાનક અનેક પ્રશ્નો પૂછાતા તે ડર્યો નહીં. તેમ જ શાંતિથી તેના ખિસ્સામાંનો સ્વામીનો ફોટો તે પોલીસોને બતાવ્યો અને પોતે સ્વામીનું દર્શન કરીને ઘરે પાછો જવા માટે નીકળ્યો છે એમ કહ્યું. આ સાંભળતા જ તે પોલીસોએ શ્રી. રિસબૂડના પુત્રને જવા દીધો અને કોઈ પણ અડચણ વગર તે બેંગલોર તેના ઘરે ગયો.

|| ॐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||